Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પાઠ પહેલો

# ણમોકાર મંત્ર

**ણમો અરહંતાણં,**
**ણમો સિદ્ધાણં,**
**ણમો આઇરિયાણં,**
**ણમો ઉવજ્ઝાયાણં,**
**ણમો લોએ સવ્વ સાહૂણં**

લોકમાં સર્વ અરહંતોને નમસ્કાર હો, સર્વ સિદ્ધોને નમસ્કાર હો, સર્વ આચાર્યોને નમસ્કાર હો, સર્વ ઉપાધ્યાયોને નમસ્કાર હો અને સર્વ સાધુઓને નમસ્કાર હો.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

### ણમોકાર મંત્રનો મહિમા

# એસો પંચણમોયારો, સવ્વપાવપ્પણાસણો; મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હોઈ મંગલમ્.

આ પંચ નમસ્કાર મંત્ર સર્વ પાપોનો નાશ કરનાર છે, અને સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે.

આ મંત્ર મોહ–રાગ–દ્વેષનો અભાવ કરનાર અને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરાવનાર છે.

અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચે ‘પરમેષ્ઠી’ કહેવાય છે. જે જીવ આ પાંચ પરમેષ્ઠીઓને ઓળખીને, તેમના બતાવેલા માર્ગે ચાલે છે તેને સાચું સુખ મળે છે.

**પ્રશ્ન**–

૧. ણમોકાર મંત્ર શુદ્ધ બોલો અને લખો.

૨. આ મંત્રમાં કોને નમસ્કાર કરવામાં આવ્યા?

૩. આ મંત્રના સ્મરણથી શું લાભ છે?

૪. પાંચ પરમેષ્ઠીનાં નામ બતાવો.

૫. સાચું સુખ કેવી રીતે મળે છે?